ગાંધીનગર સમાચાર

# ઉત્તર ગુજરાતમાં 'ઉજાલા ગુજરાત' યોજનાનો ગાંધીનગરથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૬

રાજયની 'ઉજાલા ગુજરાત' યોજનાનો ગાંધીનગર ખાતે પ્રારંભ કરતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં વીજળી અને વીજ બિલમાં મોટી બચત કરનારી ઉજાલા યોજના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમલમાં મુકી છે. ઉજાલા ગુજરાત યોજનાના પ્રારંભથી રાજયના ૧.૨૧ કરોડ વીજ ગ્રાહકોને ૧૨ કરોડ એલ.ઈ.ડી બલ્બ વિતરણ કરવાનું આયોજન છે. જેના થકી ૬૫૦ કરોડ વીજળી યુનિટ અને વીજ ગ્રાહકોના લાઈટ બિલમાં આશરે રૂ. ૨૫૦૦ કરોડથી વધુ રકમની વાર્ષિક બચત થશે. ઉત્તર ગુજરાતના જિલ્લાઓને આવરી લઈ કુલ - ૩૧.૯૦ લાખથી વધુ વીજ ગ્રાહકોને ગ્રાહક દીઠ ૧૦ એલ.ઈ.ડી બલ્બ રૂ. ૮૫ના ભાવે ત્રણ વર્ષની વોરન્ટી સાથે લોકોને મળી રહે તેવું આયોજન ઉત્તર ગુજરાત વીજ કંપનીએ કર્યું છે. રાજયની તમામ વીજ કંપનીઓમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીએ લાઈન લોસમાં ઘટાડો કરીને પ્રથમ સ્થાને રહી છે, તે બદલ ઉત્તર ગુજરાત વીજ કંપનીના અધિકારી-કર્મચારીઓને અભિનંદન આપી જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતના જિલ્લાઓના ૩૮ શહેરો અને ૪૬૮૯ ગામડાઓના વીજ ગ્રાહકોને એલ.ઈ.ડી બલ્બની સુવિધા પ્રાપ્ત થતાં વીજ બિલમાં ઘટાડો થશે. મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના હસ્તે ગાંધીનગર જિલ્લાના લાભાર્થીઓને એલ.ઈ.ડી બલ્બનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સોલરહોમ લાઈટ અને સોલર પંપના લાભાર્થીઓ સહિત શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ઝૂંપડ પટ્ટીમાં રહેતા લાભાર્થીઓને પ્રતિક રૂપે એલ.ઈ.ડી બલ્બ અને પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ઉજાલા ગુજરાત યોજનાનો રાજયકક્ષાના કાર્યક્રમનો વડોદરા ખાતેથી મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ગાંધીનગરના ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું હતું.

શ્રમ અને રોજગાર રાજય મંત્રી શ્રી દિલીપભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે, દેશની શાસનધુરા સંભાળી ત્યારથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશનો સર્વાંગી વિકાસ કરવા સતત પ્રયત્નશીલ છે. દેશમાં ગુજરાત રાજય જ એક એવું રાજય છે કે, જયાં જયોતિગ્રામ યોજના અમલી બનાવીને રાજયના ૧૮ હજાર ગામડાઓને ૨૪ કલાક વીજ સુવિધા આપવામાં આવી છે. દેશ- રાજયના વિકાસ માટે વીજળીએ પાયાની જરૂરિયાત છે. વીજળીની બચત કરવાના ઉમદા આશયથી સમગ્ર દેશમાં ઉજાલા યોજના અમલી બનાવવામાં આવી છે. આ યોજના અંતર્ગત ગ્રાહકોને બજારમાં રૂ. ૩૦૦ની કિંમતનો એલ.ઈ.ડી બલ્બ માત્ર રૂ. ૮૫ માં આપવામાં આવનાર છે. ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા વર્ષ- ૨૦૧૬-૧૭માં ૧૦,૨૫૦ ઘર વપરાશના વીજ જોડાણો આપવાનું આયોજન છે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીના મુખ્ય ઈજનેર શ્રી ડી.પી.બુચે સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ અને શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી.દેસાઈ, મ્યુનિસિપલ કમિશનર શ્રી દિનેશ મોદી સહિત ઉત્તર ગુજરાત વીજ કંપનીના અધિકારી-કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં જિલ્લાવાસીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ખૂણે ખાંચરેથી...

● આજે જિલ્લાનું વહીવટી તંત્ર આખો દિવસ મીટીંગો, વિડીયો કોન્ફરન્સ અને સ્વાગત ઓનલીનમાં વ્યસ્ત રહ્યું.

● ગાંધીનગર શહેરના જાહેર રાજમાર્ગો પર સવાર - સાંજ ભક્તિ - સંગીતની સરવાણી ગુંજે તેવું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

● ગાંધીનગરમાં આજકાલ બદલી - બઢતીની મોસમ ખીલી હોઈ અફવાઓનું બજાર પણ ધમધમી રહ્યું છે.

● ગાંધીનગર શહેર ભાજપના ૧૬૦૦થી વધુ કાર્યકર્તાઓ રિવરફ્રન્ટ ખાતે યોજાનાર વિકાસ પર્વ સંમેલનમાં હાજરી આપવા માટે જશે.

● કોંગ્રેસ પક્ષ દ્વારા સરકારની નિષ્ફળતાઓને છતી કરતી એક ટૂંકી ફિલ્મ તૈયાર કરવામાં આવી છે.

● ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની આજે બેઠક મળશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ડિયર સોરી... સોલ્વ ન થયું, ડેડી, મમ્મી... ભાઈ બધા બેંકમાં છે... આપણાં લગ્નનું પુછ્યું તો બેંકની જેમ બીજા ટેબલ પર પૂછો કહીને`કબીજા પર ટાળી દીધું...!!

## ત્રિદલ સંસ્થામાં શૈક્ષણિક વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય એવી 'ત્રિદલ' સંસ્થા ખાતે 'દિશા અને દશા' વિષયે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલયના પ્રિ. ડૉ. કનુભાઈ નાયક સાથે ગુજરાતનું શિક્ષણ : 'દિશા અને દશા' વિષયે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના પ્રબુદ્ધ નાગરિકો, નિવૃત્ત સનદી અધિકારીઓ, વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો તથા શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા. આમ ત્રિદલ સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું છે.

## પુત્ર વિરહની વેદનામાં બિમાર વૃદ્ધાનું મોત : મગોડી વૃદ્ધાશ્રમે અંતિમવિધિ કરી

### વર્ષ ૨૦૧૪માં રાહેલબા વૃદ્ધાશ્રમે પીડીત વૃદ્ધાને આશરો આપી સ્વજનની જેમ સંભાળ પણ લીધી હતી

ગાંધીનગર, તા. ૨૬

જીવનમાં અનેક વિડંબનાઓ ભોગવ્યા પછી પણ હસતા મૂખે જીવનજીવી જાણ્યું અને પુત્ર હોવા છતાં પુત્રોના વિરહનું દુઃખ હસતા મુખે છેલ્લી ઘડી સુધી જીવનમાં પચાવી રાખ્યુ તેવી યાદગાર પ્રતિમા એટલે રામકલીબા રામસિંગ ઠાકુર જેઓનું દુઃખદ અવસાન થતા મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમ દ્વારા સ્વર્ગસ્થની અંતિમ સંસ્કારવિધિ કરવામાં આવી હતી.

બિનવારસી સ્વ. રામકલીબેન ઠાકુર અમદાવાદ સોલાબ્રિજ પાસે અર્ધબેહોશ હાલતમાં જોવા મળ્યા હતા. તેઓની આ પીડાદાયક હાલતને જોઈ અભયમ્ ૧૦૮ મહિલા હેલ્પલાઈનનું સંપર્ક કરી સમાજ સુરક્ષા ખાતાના અધિકારી શ્રી કાનાબાર અને મનોજ બલાતને જાણ કરવામાં આવી હતી. આ બંને અધિકારીઓએ ગાંધીનગર અને અમદાવાદના દરેક વૃદ્ધાશ્રમમાં વૃદ્ધ મહિલાની ઓળખ મેળવવા ફર્યા હતા. પરંતુ ઓળખ ન છતી ન થતા અંતે ગાંધીનગર જિલ્લાના મગોડી ગામ ખાતે સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમે રામકલીબા ઠાકુરની જવાબદારી સ્વીકારી હતી. રાહેલબા વૃદ્ધાશ્રમ બિનવારસી, અશક્ત, નિરાધાર અને કોઈપણ તકલીફવાળા લાભાર્થીઓને આશ્રય આપે છે ત્યારે આ સંસ્થાએ ૮૫ વર્ષીય રામકલીબા ઠાકુરની પણ જવાબદારી ઉપાડી હતી. આ સંસ્થામાં આવ્યા બાદ તેઓ શારીરિક, માનસિક તથા દરેક પ્રકારની તપાસ કરવામાં આવી હતી. આ બિનવારસી વૃદ્ધાની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે તેઓની કિડની ફેલ છે. આ પથારીવશ થયેલા વૃદ્ધ મહિલાને પથારીમાં જ જમવાનું આપી તેઓની સેવા કરવામાં આવી હતી અને બલ્ડની બોટલો પણ ચઢાવી હતી. પરંતુ બદનસીબે અંતે બિમારીના ભોગ બન્યા હતા. આખરે પ્રભુધામે પધાર્યા હતા. રાહેલબા વૃદ્ધાશ્રમના સંચાલક નિર્મળાબેન યશવંતસિંહ ઝાલા અને સંસ્થાના સભ્યોએ શોકની લાગણી સાથે ઘરના સ્વરજનોની જેમ અંતિમવિધિ કરી હતી.

## રવિવારે દત્તાબાવનીના પાઠ યોજાશે

શ્રીરંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૯ મે ના રોજ દત્તબાવનીના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. દિપકભાઈ કંસારાના ચિરંજીવી સ્વર્ગસ્થ દંતેષ કંસારાની પુણ્યતિથિ નિમિત્તે પ્લોટ નં. ૫૧૪/૨, વિરાટનગર સોસાયટી, સેક્ટર-૨૩ ખાતે રવિવારના રોજ સવારના ૭.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન દત્તબાવનીના પાઠ યોજાશે. જેમાં નગરજનોને હાજર રહેવા ત્રિમૂર્તિ દત્તમંદિરના આચાર્યએ જણાવ્યું છે.

